/

છઠ્ઠા પગારપંચ અન્વયે પ્રિ–૨૦૦૬ના પેન્શન / કુટુંબ પેન્શનનું રીવીઝન કરવા બાબત.

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

**વિમા અને લેખા ભવન,**

**બ્લોક નં.૧૭, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

**નંબરઃ–હિતિનિ/ટીસી/ફા.૧૩૪/છઠ્ઠું પગારપંચ/૨૬૦૬ તા.૧૫/૪/૨૦૦૯**

**પરિપત્ર ક્રમાંકઃ ૩ /૨૦૦૯**

**વિષયઃ–તા.૧/૧/૦૬ના રોજ પેન્શન / કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોનું પેન્શન છઠ્ઠા પગારપંચની ભલામણ અન્વયે રીવીઝન કરવા બાબત.**

આથી તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓનું ધ્યાન નાણાં વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ પીજીઆર/૧૦૦૯/૪–પે–સેલ(એમ) તા.૧૩/૪/૨૦૦૯ ( GSWAN પર ઠરાવ મૂકેલ છે) તરફ દોરતાં જણાવવાનું કે છઠ્ઠા પગારપંચની ભલામણ અનુસાર તા.૧/૧/૨૦૦૬ના રોજ પેન્શન / કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોનું પેન્શન રીવીઝન કરવાનું રહે છે.

પેન્શનરોના કિસ્સામાં, તિજોરી કક્ષાએથી ચૂકાવાતા પેન્શન / કુટુંબ પેન્શન સુધારવા બાબતે હાથ ધરવાની કાર્યવાહી અંગે વિગતવાર ઉલ્લેખ સરકારશ્રીના ઉકત ઠરાવમાં ઠરાવવામાં આવેલ છે. આમ છતાં, નીચેની અગત્યની બાબતો અંગે ધ્યાન દોરવામાં આવે છે.

- ➢ આ હુકમો ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ હેઠળ તા.૧/૧/૦૬ના રોજ પેન્શન / કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોને લાગુ પડે છે.
- ➢ સુધારેલ પેન્શન ચાલુ માસથી ચૂકવવા તજવીજ કરવી.
- ➢ તફાવતની ચૂકવવાપાત્ર રકમ પૈકીના પ્રથમ હપ્તાની ચૂકવણી તા.૩૦/૬/૦૯ પહેલા થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવી.
- ➢ પેન્શન/ કુટુંબ પેન્શન સુધારણાની નોંધ પેન્શન સંલગ્ન જરૂરી તમામ દસ્તાવેજ જેવા કે, બંને પીપીઓ હાફ, પીપીઓ રજીસ્ટર તથા લેજર વિગેરેમાં કરી તેને અધિકૃત કરવાનું રહેશે.
- ➢ એક કરતાં વધુ પેન્શન મેળવતા પેન્શનરોના કિસ્સામાં, ઘા અને ઈજા પેન્શન, ઈનવેલીડ પેન્શન, એબસોર્બના કિસ્સામાં ઠરાવમાં આપેલ સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
- ➢ પ્રોવિઝનલ (કામચલાઉ) પેન્શનના કિસ્સામાં સુધારણા જિલ્લા તિજોરી કક્ષાએ કરવાની રહેતી નથી.
- ➢ ઠરાવના પારા ક્રમાંકઃ ૬ (એ)(II)માં જણાવ્યા મુજબ કાયમી રીતે એબસોર્બ થયેલ તથા ૧૦૦% પેન્શનનુ કોમ્યુટેશન મેળવ્યા બાદ ૧/૩ પેન્શનનુ રીસ્ટોરેશન થયેલ હોય તેવા પેન્શનરોનું રીવીઝન આ ઠરાવ અન્વયે કરવાનું થતું નથી.
- ➢ જાહેર ક્ષેત્રની બેંકોને (પીએસબી) આ રીવીઝન કરવા માટે અધિકૃત કરેલ નથી.

- ઠરાવની જોગવાઈ મુજબ ૮૦, ૮૫, ૯૦, ૯૫ તથા ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં વધારાનું ચૂકવવાપાત્ર પેન્શનનું પીપીઓમાં દર્શાવેલ જન્મ તારીખની ખાતરી કર્યા બાદ ચૂકવણું કરવાનું રહેશે.
- જે કિસ્સામાં પીપીઓમાં જન્મ તારીખની વિગત ઉપલબ્ધ ન હોય, તે અંગેની સૂચનાઓ સરકારશ્રીના પરામર્શમાં હવે પછી આપવામાં આવશે.
- પેન્શન ચૂકવણા અંગે કેન્દ્રિયકૃત યોજના અમલમાં આવેલ હોઈ પેટા તિજોરી કચેરીએથી કોઈ જ કાર્યવાહી કરવાની રહેતી નથી.

Mohal..

નિયામક 15/04/07

પ્રતિ,

૧. શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ...........................

૨. સંયુકત નિયામકશ્રી, ઈડીપી સેલ, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર.

૩. તિજોરી અધિકારીશ્રી, પેન્શન ચૂકવણા કચેરી, અમદાવાદ.